વૃક્ષ વાવી જતન સાથે ઉછેરની કાળજી લેતુ અનોખુ દંપતિ

સે. ૨૭માં નિવૃત્ત આઈએએસ અધિકારી એચ.બી. વરિયા તથા તેમના ધર્મપત્નિની વૃક્ષાનું જતન કરવાની તકેદારી પ્રેરણારૂપ : દર સપ્તાહે પોતાની કારમાં નાના નાના કેરબામાં ભરી પાણી પીવડાવવા જાય છે : ટ્રી-ગાર્ડની સુવિધા કરી છોડને રખડતાં ઢોરથી બચાવે છે

ગાંધીનગર, તા. ૩૧

વર્ષાઋતુના આગમન સાથે જ શહેરમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિએ વેગ પકડ્યો છે. જો કે દેખાદેખીમાં વૃક્ષારોપણ કરી પછી તેનુ જતન કરવાનુ ભુલી જવાને કારણે વાવેલા રોપાઓ નિષ્ફળ જવાની સંખ્યા પણ ઘણી વધુ છે. આ પરિસ્થિતિમાં ગાંધીનગરના સેક્ટર-૨૭માં રહેતા નિવૃત આઈએએસ અધિકારી એચ.બી. વરિયા તથા તેમના ધર્મ પત્નિ દિવ્યાબેનની વૃક્ષ ઉછેર પ્રત્યેની લગન ખરેખર પ્રેરણાદાયક છે. આ દંપતિ દ્વારા વૃક્ષો વાવવાની સાથે સાથે નિરંતર તેનું જતન કરી ઉછેરવામાં લેવાતી કાળજીના કારણે સેક્ટર-૨૭માં અનેક વૃક્ષો આજે વટવૃક્ષ બની સેક્ટરવાસીઓને મીઠો છાંયડો આપી રહ્યાં છે અને પર્યાવરણને પણ ખૂબ મદદરૂપ બની રહ્યાં છે.

ગત ઉનાળામાં શહેરમાં પડેલી રેકોર્ડ બ્રેક ગરમીએ અનેક નગરજનોની આંખો ઉઘાડી છે. આ કારણે શહેરમાં વૃક્ષા રોપણી પ્રવૃત્તિમાં વધારો જોવા મળી રહ્યો છે. જે આવકારદાયક બાબત છે. પરંતુ વૃક્ષારોપણ સાથે વાવેલા વૃક્ષોનું જતન સાથે ઉછેર થવો એટલો જ જરૂરી છે. વરિયા દંપતિએ વર્ષ ૨૦૧૧થી સેક્ટર-૨૭માં આવવા જવાના રસ્તા પર, પડોશીઓના ઘર પાસે, નજીકની દુકાનો પાસે, પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં વગેરે સ્થળોએ અનેક વૃક્ષોનું વાવેતર કર્યું છે. હવે આ વૃક્ષોના જતન માટે તેઓ નિયમિત પાણી પીવડાવવુ, ટ્રી-ગાર્ડ દ્વારા રખડતા ઢોરોથી બચાવવુ, સાફ સફાઈ રાખવી જેવી તમામ તકેદારી રાખી રહ્યા છે. દર સપ્તાહે એકવાર પોતાની કારમાં ૫-૫ લીટરના કે ૧૦ લીટરના ખાલી થયેલા ખાદ્યતેલના ટીન, કેરબા વગેરેમાં પાણી ભરી તેઓ વાવેલા વૃક્ષોને પીવડાવવા નીકળી પડે છે. તેઓ વાવેલા રોપાની આસપાસ જમા થયેલો કચરો પ્રેમથી સાફ કરે છે, ટ્રી ગાર્ડ જો ઢોરની ઢીંક વાગવાથી કે અન્ય રીતે ખસી ગયુ હોય તો તેને સરખુ કરે, રીપેર કરી પછી છોડને પાણી પીવડાવે. જો જરૂર લાગે તો છોડ મોટો થાય ત્યાં સુધી ઢોરથી બચાવવા ટ્રી ગાર્ડ ફરતે પ્લાસ્ટિક બાંધી રાખી તેનું રક્ષણ પણ કરવાની કાળજી રાખે છે.

ઘણીવાર આ દંપતિને વૃક્ષોને પાણી પીવડાવતા જોઈ ઘણા રાહદારીઓ કે વાહનચાલકો પણ ઉભા રહી મદદ કરવા લાગી જાય છે. જો કે વરિયા દંપતિને તેમના સેક્ટરના પાડોશીઓ, આસપાસના રહીશો, સિનિયર સિટીઝન મિત્રો, જેવા કે ગાયત્રી પરિવારના ગણેશભાઈ પ્રજાપતિ સહિત અન્ય, પ્રાથમિક શાળાના આચાર્યો-વિદ્યાર્થીઓ ઉપરાંત અગ્રણી નગરજનો જેવા કે પનઘટ ગૃપવાળા ભાવિનભાઈ પટેલ, કોર્પોરેટર બરખાબેન જહા વગેરેનો પણ આ પ્રવૃત્તિમાં ખૂબ સહકાર પ્રાપ્ત થયો છે. એચ.બી. વરિયા સાહેબ કહે છે ''વૃક્ષો તો બેંક જેવા છે, તમે વાવો એટલે ડિપોઝીટ કરો છો જેથી બેંકની ડિપોઝીટ પાકે તેમ આ વૃક્ષો આપના બાળકોને કામ લાગે છે.' વળી તેઓ કહે છે કે 'વૃક્ષો જીવંત વ્યક્તિત્વ સમાન છે જે ડાળ પાંદડા હલાવી તમારી સાથે વાત કરતા હોય તેમ લાગણી પ્રગટ કરે છે. ખરેખર તો દરેક નગરજને પોતાના જન્મ દિવસ, લગ્નતિથી, બાળકોના જન્મ દિવસ કે સારા પરિણામ અથવા નોકરીમાં પ્રમોશન, કાર ખરીદવી જેવા તમામ ખુશીના પ્રસંગો વૃક્ષો વાવીને જ ઉજવવા જોઈએ. ઘરના દરેક સભ્યના નામથી એક વૃક્ષ વાવી તેનું જતન કરવું જોઈએ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રિયો ખાતે યોજાનાર ઓલિમ્પિક રમતોત્સવમાં સામેલ ભારતીય ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે દેશભરમાં 'રન ફોર રિયો'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરમાં પણ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા 'રન ફોર રિયો' આયોજિત કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા કલેક્ટર સતીષ પટેલે રન ફોર રિયોનું પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ પ્રસંગે સાઈના રિજિયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ, કોસ્ટ ગાર્ડના આઈજી વી.એસ. પઢાનિયા, કમાન્ડર આર.કે. કદમ, કમાન્ડિંગ ઓફિસર કુ. ઈન્દ્રાણી યાદવ, ડેપ્યુટી કમાન્ડર અજયવીર સિંહ તથા સાઈના નરેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ દોડમાં સાઈના રમતવીરો ઉપરાંત બીએસએફ, સીઆરપીએફ, કોસ્ટ ગાર્ડ, સીઆઈએસએફના જવાનો, શાળાઓના બાળકો તથા રમતગમત પ્રેમીઓ મળીને ૧૫૦૦થી વધુ દોડવીરો જોડાયા હતા.

સમઢિયાળાના દલિત પીડિતોની ગાંધીનગરના મહાનુભાવોએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૩૧

ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામના યુવાનો પર કહેવાતા ગૌરક્ષકોએ અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો જેના પડઘા દેશભરમાં પડ્યા હતા અને દેશના અગ્રણી નેતાઓ પણ ગામની મુલાકાત લઈ પીડિતોને મળ્યા હતા ત્યારે આ પીડિત પરિવારની ગાંધીનગર શહેર દલિત આગેવાનો અને વિવિધ સંસ્થાના મહાનુભાવોએ પણ મુલાકાત લઈ આશ્વાસન પાઠવ્યુ હતુ અને આરોપી સામે સખત કાર્યવાહી કરવા સહિતની વિવિધ માંગો પણ સરકાર સમક્ષ કરી હતી.

ઉના તાલુકાના મોટા સમઢિયાળા ગામના દલિત યુવાનો અને તેમના પરિવારજનો પર કથિત ગૌરક્ષકોએ અમાનુષી અત્યાચાર ગુજાર્યો હતો. આ ઘટનાના પડઘા સડકથી લઈ સંસદ સુધી પડ્યા હતા. સમગ્ર રાજ્યમાં દલિતો વિરોધ સાથે માર્ગો પર ઉતરી આવ્યા છે.

કથિત ગૌરક્ષકોના ભોગ બનેલા કુટુંબીજનોને આશ્વાસન આપવા દેશભરના નેતાઓ સમઢિયાળા ગામે પહોંચ્યા હતા ત્યારે ગાંધીનગર શહેરના દલિત આગેવાનો અને વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ દલિત સાહિત્યકાર રમણભાઈ વાઘેલા, કાન્તિલાલ મકવાણા, બી કેશવ શિવમ, નટુભાઈ વાઘેલા, નારાયણભાઈ પરમાર અને સુનીલ કટારિયા વગેરે પણ પીડિત પરિવારોની મુલાકાત લીધી હતી અને આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી હતી અને ઉનાકાંડ અને થાનગઢ હત્યાકાંડની તપાસ હાઈકોર્ટના જજ દ્વારા કરવામાં આવે, અનામત જાતિનો યોગ્ય અમલ કરવો, દરેક જિલ્લામાં એટ્રોસીટી કોર્ટની રચના કરવી ચર્મનો વ્યવસાય છોડનાર દલિતો માટે યોજના બનાવી તેની અમલવારી કરવી, સરકારી પડતર જમીન દલીતોને આપવી, ખાનગી સંસ્થાઓ, ઉદ્યોગ, કંપનીઓમાં અનામત લાગુ કરવી વગેરે મુદ્દા ઉપર સરકાર પગલા ભરે અને તેની અમલવારી માટે કમિટી રચી એસ.સી. એસ.ટી.ના સભ્યોનો તેમા સમાવેશ કરે તેવી માંગ અનુસૂચિત જાતિ એકતા મંચના સંયોજક સોમ વાઘેલા અને સાઈ શક્તિ સેવા ટ્રસ્ટના પ્રમુખ કાંતિલાલ મકવાણાએ કરી છે.

ખૂણે ખાંચરેથી...

● આજે દિવસ દરમ્યાન માણસા તાલુકામાં હળવો વરસાદ નોંધાયો હતો. તો ગાંધીનગરમાં ફરફર થઈને વરસાદ વરસ્યો ન હતો. જો કે ઉકળાટ બહુ હોવાથી વરસાદ થશે તેવી આશામાં રજાનો દિવસ સૌએ વિતાવ્યો હતો.

● આજે ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક મળી હતી તો ભાજપનો પ્રશિક્ષણ વર્ગ અંબાજી અને વડોદરામાં સંપન્ન થતાં આગામી દિવસોમાં બન્ને પક્ષો વચ્ચે રાજકીય જંગ કેવો ખેલાશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

● ગાંધીનગરમાં ઓગષ્ટ માસમાં આવી રહેલી રજાઓનું આયોજન આજે સેક્ટરોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

● શ્રાવણ માસ બુધવારથી આરંભાઈ રહ્યો હોવાથી શિવભક્તોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સેવાઓના સુધારાત્મક પગલાંઓ અંગે તબીબી અધિકારીઓએ શુક્રવારે ચિંતન કર્યું હતું.

● ગાંધીનગર શહેરમાં આજકાલ રખડતા પશુઓની સમસ્યા હવે વિકરાળ બની રહી છે.

● ગાંધીનગર જિલ્લામાં વાવણીની મોસમ પુરબહારમાં ખીલી છે. જિલ્લામાં વર્ષો પછી કઠોળ પાકના વાવેતરમાં ખેડૂતોએ ભારે ઉત્સાહ બતાવ્યો છે.

સે-૧૩માંથી ગુમ થયેલા યુવાને અમદાવાદમાં ફિનાઈલ પીધું

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે રહેતો એક યુવાન થોડા દિવસો પહેલા ઘરેથી લાપતા થઈ ગયો હતો. યુવાના પિતાએ સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે વ્યાજખોરનો ફોન આવ્યા બાદ થોડી વારમાં આવું તેવું કહીને ઘરેથી નીકળ્યા બાદ તેમનો પુત્ર પરત ફર્યો ન હતો. પોલીસે યુવાનની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન ગુરુવારે મોડી સાંજે તે ગુમ યુવાને જમાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફિનાઈલ પી લીધું હતું. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને અમદાવાદની હોસ્પિટલ લઈ જવાયો હતો અને ત્યાંથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો છે. વ્યાજખોરના ત્રાસથી તેણે ફીનાઈલ પીધું હોવાની પ્રાથમિક કેફીયત આપી છે. જો કે હજુ સુધી આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

'બહેન'ની સરકારમાં 'સિંઘ ઈઝ કિંગ': નવી ટીમનો ઈન્તજાર, ટીમ ગુજરાત પસંદ થશે

ગુજરાત સરકારમાં જે.એન.સિંઘ કિંગ બન્યા છે. રાજ્યના વહીવટી વડાનો ચાર્જ સંભાળ્યા પછી હવે તેઓ તેમની ટીમ ગુજરાત બનાવશે અને તેમાં કાબેલ ઓફિસરોને નિયુક્તિ આપે તેવી સંભાવના છે. ચૂંટાયેલી પાંખ સાથે વહીવટી પાંખ જો એક મળીને કામ કરે તો ગુજરાત નંદનવન બની શકે છે. સિંઘ તેમની ટીમમાં કોને મહત્વના વિભાગો આપે છે અને કોને સાઈડટ્રેક કરે છે તે હવે પછીના સમયમાં ખબર પડશે. ભાજપની બહેનની સરકાર હાલ મુશ્કેલીમાં છે. એક પછી એક ઉપાધિઓ આવતી જાય છે ત્યારે નવા ચીફ સેક્રેટરી આ પરિસ્થિતિમાં સરકારને સાંગોપાંગ કેવી રીતે ઉતારે છે તે જોવાનું છે. સૌ પ્રથમ તો સિંઘનું મહત્વનું કામ તેમની પૂરોગામી જગ્યા છે. ફાયનાન્સ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરીની નિયુક્તિ કરવાનું છે. આ પદ માટે ફીટ ઉમેદવાર અનિલ મુકીમ છે જેમની પાસે હાલ જીએડીનો ચાર્જ છે. આ સપ્તાહમાં ફાયનાન્સની જગ્યા ભરાય તેવી સચિવાલયને આશા છે.

જી.આર.અલોરિયા હજી નિવૃત્ત થયા નથી...

ગંગારામ અલોરિયા કે જેઓ ચીફ સેક્રેટરીના મહત્વના પદ પરથી નિવૃત્ત થયા છે પરંતુ તેમની ઉપર બહેનના ચાર હાથ છે તેથી તેમને સરકારમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કોઈ અગત્યનું કામ મળી શકે છે. જાન્યુઆરી ૨૦૧૭માં આવતા ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં અલોરિયાને સેટ કરવાનો પ્લાન હાલ તો ચાલી રહ્યો છે પરંતુ તે સાથે કેટલાક મહત્વના બોર્ડ-કોર્પોરેશનમાં પણ તેમને સ્થાન મળી શકે તેમ છે. ગુજરાતમાં એવી પણ એક પરંપરા રહી છે કે નિવૃત્ત થયેલા ચીફ સેક્રેટરીને મહત્વના પદ મળ્યા છે. આ સિલસિલો પ્રવિણ લહેરી થી શરૂ થયો છે અને પાંડિયન સુધી ચાલુ પણ રહ્યો છે, જો કે અલોરિયાનું પોસ્ટીંગ નવી દિલ્હીમાં થાય તેવા કોઈ ચાન્સ હાલ દેખાતા નથી તેથી તેમને મુકામ પોસ્ટ ગાંધીનગર જ રાખવાનું રહેશે.

લીલોતરી વિના ઉદ્યોગો શક્ય નથી...

ઉદ્યોગો હોય ત્યાં લીલોતરી હોવી જરૂરી છે. ગુજરાત હાઈકોર્ટના એક આદેશનું જો પાલન કરવામાં આવે તો ગુજરાતમાં પોલ્યુશન ઘટે અને આપણા ઉદ્યોગોને ખૂબસૂરતી પણ મળી શકે છે. ગુજરાતમાં પર્યાવરણનું જતન કરવા હાઈકોર્ટે રાજ્ય સરકારને હુકમ કર્યો છે અને કહ્યું છે કે ઔદ્યોગિક વિસ્તારો કે જીઆઈડીસી એસ્ટેટમાં બાગ અને બગીચા માટે ખુલ્લી જગ્યા છોડવી જોઈએ. આદેશ ઉત્તમ છે, સરકારનો વિલપાવર જોઈએ. ગ્રીન પ્લોટનો ગુજરાત હાઈકોર્ટે મહત્વનો હુકમ કર્યો છે અને કહ્યું છે કે જે હેતુ માટે પ્લોટ રાખવામાં આવ્યો હોય તેનું વેચાણ કરશો નહીં ઔદ્યોગિક વિસ્તારોમાં બાગ, બગીચા, હરિયાળી તેમજ ખુલ્લી જગ્યા રાખવા તેમજ ચોક્કસ ટકાવારી જાળવવા રાજ્ય સરકારે મજબૂત પોલિસી બનાવવાની આવશ્યતા પર અદાલતે ભાર પણ મૂક્યો છે.

સાત રાજકીય ભૂકંપથી બહેન બેચેન...

ગુજરાતમાં બે વર્ષ જૂની આનંદીબહેન પટેલની સરકારમાં આવેલા સાત રાજકીય ભૂકંપને પહોંચી વળવા થીગડાં મારવામાં આવે છે ત્યારે વધુને વધુ પડકારો આનંદીબહેનના શાસનનો પીછો છોડતા નથી. બહેન ધીમે ધીમે ફસાતા જાય છે અને ભાજપનું રાજ્યભરમાં ઘોવાણ થતું જાય છે.

ગુજરાતમાં ચીફ સેક્રેટરી નિવૃત્ત થયા નથી, લહેરીથી પાંડિયન જુઓ...

ગુજરાતમાં કેશુભાઈ પટેલનું ૧૯૯૫નું શાસન ફરી આવ્યું હોય તેવી હાલત આનંદીબહેન પટેલની થઈ છે. કેશુભાઈના શાસનમાં વરસાદ ઓછો હતો અને હવે આનંદીબહેન પટેલના શાસનમાં પણ વરસાદ ઓછો છે. આ તો થઈ કુદરતી આપત્તિ, પરંતુ બહેનના શાસનમાં એવી સાત આપત્તિઓ આવી ચૂકી છે કે જેના જખ્મ વિધાનસભાની ચૂંટણી સુધી પુરાય તેમ નથી.

પાટીદાર અનામત આંદોલન...

બહેનના શાસનનો પહેલો પડકાર પાટીદાર અનામત આંદોલનનો છે. ગયા ઓગષ્ટથી શરૂ થયેલા આ આંદોલનનો બીજો તબક્કો એક વર્ષ પછી શરૂ થઈ રહ્યો છે અને તે દિલ્હીના મેદાનથી શરૂ થાય છે. પાટીદાર અનામત આંદોલને બહેનની સરકારને સૌથી મોટો ઝટકો આપ્યો છે, કારણ કે આ આંદોલનમાં ખુદ ભાજપના અસંતુષ્ટ નેતાઓનો સાથ છે. આ નેતાઓ બહેનની સરકારને અંદરથી ખોખલી કરી રહ્યાં છે પરિણામ એ આવ્યું કે ભાજપે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારનો જનાધાર ગુમાવ્યો છે.

ઓબીસી યુવા નેતાઓની ડિમાન્ડ...

બીજો પડકાર ઓબીસી યુવા નેતાઓનો છે. પાટીદાર અનામત આંદોલન સામે ઓબીસી નેતાઓએ પણ બહેનની સરકાર સામે તલવાર તાણી હતી. આ સમાજે પણ તેમની કેટલીક માગણીઓ બહેનની સરકારને કરી છે. પાટીદારોને ઓબીસીમાં સમાવવાના મુદ્દે આ યુવા નેતાઓ બહેનને વર્ગવિગ્રહની ચેતવણી પણ આપી ચૂક્યાં છે. ઓબીસી વોટબેન્ક હાલ બન્ને પાર્ટીમાં વહેંચાયેલી છે પરંતુ ભાજપને ભય છે કે પાટીદારોને સાચવવા જતાં સૌથી મોટી વોટબેન્ક ગુમાવવાનો વારો આવશે એટલે પાર્ટીના સિનિયર નેતાઓને ઓબીસીને ઈન્ટેક રાખવા આદેશ અપાયા છે.

ભ્રષ્ટ રીત-રસમો બંધ નહીં થાય તો ભય...

શાસનનો ત્રીજો પડકાર વકરેલો ભ્રષ્ટાચાર છે. ખુલ્લેઆમ રૂપિયા માગવામાં આવે છે. તાલુકા અને જિલ્લાસ્તરનો આ સડો છે ક ગાંધીનગર સુધી લંબાયો છે છતાં સરકાર આ મુદ્દે ચૂપ છે. ફાયર એનઓસી આપવાના પણ હવે તો રૂપિયા લેવામાં આવે છે. મોદીના ૧૩ વર્ષના શાસનમાં કર્મચારીઓ અને અધિકારીઓ સીધા દોર થઈ ગયા હતા પરંતુ બહેનના શાસનમાં લાંચિયા કર્મચારીઓ છડેચોક નોકરી ગુમાવવાના ડર વિના કામના રૂપિયા માગે છે. લાંચ લેવાના રોજના બે કેસ એન્ટી કરપ્શન બ્યુરોમાં નોંધવામાં આવે છે તે સારી બાબત તો ન જ કહેવાય...

દલિત અત્યાચારને રાજકીય વળાંક...

શાસનનો સંવેદનશીલ અને વધુ સળગેલો મુદ્દો દલિત અત્યાચારનો છે. દલિતોને બાંધીને ઢોર માર મારવાનો કિસ્સો દેશભરમાં ચગ્યો છે. ઉત્તરપ્રદેશમાં તો માયાવતીને ભાજપે રાજકીયરીતે ફરીથી લાઈમ લાઈટમાં લાવી દીધી છે. આ કેસમાં હળવું લઈને સાત દિવસ સુધી સરકાર કે તેના પ્રતિનિધિ ઉનાના એ ગામમાં ગયા ન હતા. ધીમે ધીમે આ મુદ્દો રાષ્ટ્રીય સ્તરે આવ્યો અને દિલ્હી તેમજ અન્ય રાજ્યોમાંથી બિન ભાજપી નેતાઓની ઉનામાં પધરામણી થઈ ત્યારે સફાળી બેઠી થયેલી આનંદીબહેન પટેલની સરકારને ભાન થયું કે આપણે મોડા પડ્યા છીએ. જો કે ભાજપને આ નુકશાનની કિંમત ભોગવવી પડશે એ નિશ્ચિત છે.

લોકો ભાજપથી વિમુખ થઇ રહ્યાં છે...

ભાજપ માટે પાંચમો મુખ્ય મુદ્દો એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરનો છે. વિધાનસભાની ચૂંટણીમાં જો બહેનનું નેતૃત્વ હશે તો ભાજપને સરકાર બનાવવી મુશ્કેલ જ નહીં સત્તામાંથી હાથ ધોવાનો વારો આવે તેવી સ્થિતિ આકાર લઈ રહી છે. મૃતપ્રાય કોંગ્રેસ બેઠી થઈ ગઈ છે. સ્થાનિક ચૂંટણીના પરિણામો કોંગ્રેસની તરફેણમાં આવતા ભાજપનું હાઈકમાન્ડ પણ ચોંકી ઉઠ?યું છે. કોંગ્રેસ મુક્ત ગુજરાતની વાતો કરતા નરેન્દ્ર મોદીનું મોં સિવાઈ ગયું છે. કોંગ્રેસ તેની પક્કડ મજબૂત બનાવતી જાય છે. હવે સરકારમાં કોઈ કરિશ્મા થાય તો ફરી પાછા મેજીકના દિવસો આવી શકે તેમ છે. ગુજરાતમાં ત્રણેક વર્ષને બાદ કરતાં છેલ્લા ૨૬ વર્ષથી ભાજપનું શાસન છે.

મોંઘવારી નહીં ઘટે તો મત નહીં મળે...

છઠ્ઠો અને બન્ને ભાજપ સરકાર (કેન્દ્ર અને રાજ્ય) ને વાગે તેવો મુદ્દો મોંઘવારીનો છે. મોંઘવારીના ખપ્પરમાં ગુજરાતની પ્રજા હોમાતી જાય છે. કેન્દ્ર સરકારે હાથ અદ્ધર કરી દીધા છે પરંતુ વેપારી બનેલી સરકાર ટેક્સનો અડધો ટકો પણ ઘટાડવા રાજી નથી. અછત કે ઉત્પાદન ઓછું હોવાથી ભાવવધારો થયો છે તે વાત યુપીએ સરકાર કહેતી હતી ત્યારે ભાજપ વિરોધ કરતો હતો પરંતુ હવે આવું મોદી સરકાર બોલે છે ત્યારે ગુજરાત સરકાર ચૂપ છે. સામાન્ય જનતા આ વાતનું કમ્પેરિઝન કરતી હોય છે. મોંઘવારી એક એવો ઈસ્યુ છે કે જેણે ભલભલી સરકારને ઉખાડીને ફેંકી દીધી છે.

આમ આદમી પાર્ટી કહે છે- મે આઇ કમ ઇન...

સાતમો મુદ્દો આમ આદમી પાર્ટી છે. આનંદીબહેન પટેલના શાસને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ગુજરાત ભ્રમણ કરતા બનાવી દીધા છે. આ પાર્ટી ધીમે ધીમે શહેરો અને ગામડાઓમાં ઘૂસતી જાય છે. દિલ્હીમાં ખૂબ ઓછા સમયમાં પાંગરેલી આમ આદમી પાર્ટીને ગુજરાતમાં જગ્યા બનાવતાં વાર લાગે તેવી નથી. આ પાર્ટી કોંગ્રેસને જેટલું નુકશાન કરશે તેના કરતાં અનેકગણું વધારે નુકશાન ભાજપને કરી શકે છે. ગુજરાત વિધાનસભાની ચુંટણીને આડે એક વર્ષ અને ત્રણ મહિના જેટલો સમય બાકી છે, પરંતુ જે હદે રાજ્યમાં રાજકારણ બદલાઈ રહ્યું છે તેને હાઈકમાન્ડ પણ બારીકાઈની નજરથી જોઈ રહ્યું છે.

મોદીનો આંબેડકર પ્રેમ જોઇ શકાય છે...

ગુજરાત વિધાનસભાની ચુંટણી માત્ર ભાજપ માટે જ નહીં પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે પણ પ્રતિષ્ઠાનો સવાલ છે. મોદી માટે તો એમ કહીએ કે એક-એક બેઠક મહત્વપૂર્ણ રહેવાની છે. ૧૯૬૦માં જ્યારે ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારથી લઈને ૧૯૯૦ના દાયકા સુધી રાજ્યનો દલિત સમાજ કોંગ્રેસના સાથે હતો. રાજ્યમાં કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલાની જોડીએ કોંગ્રેસની આ મજબુત મતબેંક ગણાતી દલિત વોટબેંકમાં ગાબડુ પાડ્યુ હતું. ગુજરાતમાં દલિત મતદાતાઓનું પ્રમાણ ૭ ટકા છે. જોકે, ૧૮૨ બેઠકો પૈકી માત્ર ૧૩ બેઠકો દલિતો માટે અનામત છે.આ ૧૩ પૈકી ૧૯૯૮ની વિધાનસભા ચુંટણીમાં ભાજપે ૮, ૨૦૦૨માં ૯, ૨૦૦૭માં ૧૧ અને ૨૦૧૨ની ચુંટણીમાં ૧૦ જીતી હતી. જેનો મતલબ સ્પષ્ટ છે કે, રાજ્યના દલિતો ભાજપ સાથે જોડાઈ ચુક્યા હતા. રાજ્યમાં વસ્તીની દ્રષ્ટિએ દલિતો માત્ર ૭ ટકા છે પરંતુ તેનું પ્રભુત્વ ૧૮૨ બેઠકો ઉપર છે.

પાટીદારો પણ એક તાકાત તો છે...

બીજી તરફ અનામતની માંગણી કરી રહેલ પાટીદારોની સંખ્યા રાજ્યમાં ૧૪ ટકા છે અને જો દલિતો અને પાટીદારો એકસાથે ગાબડુ પાડે તો ભાજપ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. આવા સમયે ભાજપ સામે રાજ્યમાં પોતાની આ બન્ને વોટબેંકોને મનાવવાનો પડકાર રહેશે. ભાજપમાં છેલ્લા બે દાયકાથી ભાજપનું એકહથ્થુ શાસન ચાલે છે. પરંતુ ૨૦૧૨ની ચુંટણીમાં આ સ્થિતિ ડામાડોળ થતી દેખાઈ હતી. જો કે, કોંગ્રેસ આ સ્થિતિનો ફાયદો ઉઠાવી શક્યુ નહીં અને ભાજપ ફરી એકવાર ચુંટણી જીતી ગયુ હતું. જોકે, તે ચુંટણીમાં ૩૫ બેઠક એવી હતી કે જ્યાં ભાજપની જીતનું માર્જીન માત્ર ૩૦૦૦ વોટથી પણ ઓછુ હતું. આ બેઠકો આગામી ચુંટણીમાં મહત્વનો રોલ ભજવી શકે છે.

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

બહેનની હાલત અભિમન્યુ જેવી છે, સાત કોઠા પાર કરે તો નૈયા પાર ...

સળગતા બે મુદ્દા- મોંઘવારી અને ભ્રષ્ટાચાર, કોણ કોને નડી શકે છે ...